૬૬ કે.વી.કે તેથી વધુ દબાણવાળી ટ્રાન્સમીશન લાઇનના થાંભલા/ટાવર જે ખેતી વિષયક જમીનમાં ઉભા થનાર હોય તે ખેડૂતને અગ્રતાના ધોરણે કૃષિ વિજ જોડાણ આપવા બાબત

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
પરિપત્રક્રમાંક: જીયુવી-૨૦૧૬-૩૪૪૨-ક૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ: 30 DEC 2016

વંચાણે લીધા:

(૧) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરાનો તા.૨૫/૧૧/૨૦૧૬ નો પત્ર ક્રમાંક: જીયુવીએનેલ-ટેક-આરઈ/૨૨૭૨

## પ્રસ્તાવના:

રાજયમાં એકસ્ટ્રા હાઈ ટેન્શન લાઈનો (૬૬ કેવી થી ૪૦૦ કેવી ટ્રાન્સમીશન લાઇન) નુ નેટવર્ક સ્થાપિત કરવા માટે થોડા થોડા અંતરે તે માટેના સ્ટ્રકચર / ટાવર ઉભા કરવા પડે છે અને પસાર થતી લાઈનોની વચ્ચે જો કોઈ ખેડૂતના ખેતર આવતા હોય તો જરૂરિયાત મુજબ ખેતરની જમીનમા આવા સ્ટ્રકચર / ટાવર બનાવવા પડતા હોય છે અથવા પોલ્સ (થાંભલા) સ્થાપિત કરવા પડતા હોય છે. નામ.વીજ નિયમન પંચના રેગ્યુલેશન અનુસાર વીજ પ્રવહન લાઈનો માટે ઉભા કરવામા આવતા સ્ટ્રકચર / ટાવર માટે ખેડૂતોની જમીનોનો ઉપયોગ કરવામા આવે તો તેમને કોઈ વળતર ચૂકવવાનુ હોતુ નથી, માત્ર આ કામગીરી દરમ્યાન જો ખેડૂતના ઉભા પાકને નુકશાન થયેલ હોય તો તેનુ જ વળતર ખેડૂતોને ચૂકવવાનુ હોય છે.

જે ખેડૂત પાસે ખેતીવાડી વીજ જોડાણ ન હોય તેમણે ડીઝલ પંપ થકી ખેતી કરવી પડે જે ઘણી ખર્ચાળ સાબિત થાય એ સંજોગોમાં એમની જમીનનો થોડો ટૂકડો વીજ પ્રવહન લાઈનનો સ્ટ્રકચર/ટાવર માટે આપવો પડે કે જેનુ તેમને કોઈ વળતર ન મળે અને કયારેક ઉભા પાકને પણ નુકશાન થાય તો તેમને નુકશાનીનો બેવડો માર સહન કરવો પડે. ખેડૂતોની આ હાલાકી મહદઅંશે નિવારી શકાય તે માટે જે ખેડૂતોના ખેતરોનો ઉપયોગ વીજ પ્રવહન લાઈનોના સ્ટ્રકચર્સ સ્થાપિત કરવા માટે થાય તેમને અગ્રતાના ધોરણે કૃષિ વીજ જોડાણ આપવાની દરખાસ્ત રાજ્ય સરકારની વિચારણામાં હતી.

## પરિપત્ર:

આથી, રાજ્ય સરકાર દ્વારા પુખ્ત વિચારણાને અંતે જે ખેડૂતોના ખેતરમાં ટ્રાન્સમીશન લાઇનના ડીપી સ્ટ્રક્ચર/ટાવર સ્થાપિત કરવામાં આવે તેવા ખેડૂતોને નવું ખેતી વિષયક વિજ જોડાણ અગ્રતાના ધોરણે આપવાની મંજૂરી નીચે દર્શાવેલ શરતો/ધારાધોરણોને અધિન આપવાનો નિર્ણય કરવામાં આવે છે.

(૧) નવી ટ્રાન્સમીશન લાઇન (૬૬ કેવી અને તેથી વધારે)ના ટાવર/થાંભલા જ્યાં સ્થપાશે તે જમીનના ખેડૂત માલિક તે જ સર્વે નંબરમાં નવું કૃષિ વીજ જોડાણ અગ્રતાના ધોરણે મેળવી શકશે.

(૨) જે જમીનમાં આ પરિપત્ર અગાઉથી ૬૬ કેવી કે તેથી વધુની વીજ પ્રવહન લાઈન માટેના ટાવર/થાંભલા ઉભા થયેલા છે ત્યાં અગ્રતાના ધોરણે કનેક્શન આપવામાં આવશે નહિ.

(૩) ખેડૂતે ૬૬ કેવી કે તેથી વધુની વીજ પ્રવહન લાઈન માટેના ટાવર/થાંભલા ઉભા થયાના ૬ મહિનામાં જ કૃષિ વીજ જોડાણ મેળવવા માટે અરજી કરવાની રહેશે.

(૪) વીજ પ્રવહન લાઈનો માટેનું એચ ફ્રેમ સ્ટ્રક્ચર બે ટેકાવાળું હોય છે અને ટાવર સ્ટ્રક્ચર ચાર ટેકાવાળું હોય છે. જો ટેકા એક કરતા વધારે સર્વે નંબરવાળી જમીનમાં ઉભા થતા હોય તો તેવા સંજોગોમાં દરેક સર્વે નંબરમાં અગ્રતાના ધોરણે વીજ જોડાણ આપવાનાં રહેશે.

(૫) નોન-ડાર્કઝોન વિસ્તારમાં સામાન્ય યોજના પ્રમાણે અગ્રતાના ધોરણે નવું કૃષિ વિજ જોડાણ આપવાનું રહેશે.

(૬) ડાર્કઝોન વિસ્તારમાં ડાર્કઝોન યોજનાના નોર્મ્સ પ્રમાણે નવું કૃષિ વીજ જોડાણ અગ્રતાના ધોરણે મેળવી શકાશે. તે સર્વે નંબરમાં ઓછામાં ઓછી ૨ એકર જમીન અથવા કુલ જમીનના ૫૦ ટકા ભાગ- એ બે પૈકી જે વધુ જમીન હોય એ જમીનમાં અરજદારે ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીના ધારાધોરણ મુજબ ડ્રીપ ઇરીગેશન, સ્પ્રીંકલર સીસ્ટમ સ્વીકારવાની ફરજીયાત રહેશે.

(૭) ખેડૂતે ટ્રાન્સમીશન લાઇન ખેતી વિષયક જમીનમાં સ્થાપિત થયા બાદ જ કૃષિ વીજ જોડાણ માટેની અરજી કરવાની રહેશે. અને તેમને વીજ જોડાણ પણ ત્યારબાદ જ મળી શકશે..

(૮) કૃષિ વીજ જોડાણની અરજીઓની અલગ અગ્રતાયાદી તૈયાર કરવાની રહેશે. અને વહેલા તે પહેલાના ધોરણે અરજીઓને યાદીમાં ક્રમાનુસાર ગોઠવી અને એ મુજબ કૃષિ વીજ જોડાણ આપવાના રહેશે.

(૯) અરજદારે એ-૧ ફોર્મ અને ૭/૧૨, ૮-અ, ૬-ક હકકપત્રકના ઉતારાઓની અદ્યતન નકલ, ચતુ:સીમાનો નકશો/ દાખલો તેમજ કૂવો ભાગીદારીમાં હોય તો ભાગીદારોનું નોટરાઈઝ સંમતીપત્ર તેમજ નોંધણી ફી ભરેલ અસલ પાવતીની નકલ સાથેની અરજી વીજ કંપનીની સંલગ્ન પેટા વિભાગીય કચેરીને કરવાની રહેશે.

અરજદારની અરજી પરત્વે જેટકોએ અરજદારની ખેતી વિષયક જમીનમાં ટ્રાન્સમીશન લાઇનના ટાવર સ્થપાયેલ છે તે તારીખ સહિતની વિગતો સંલગ્ન ડીસકોમ/પેટા વિભાગીય કચેરીને પૂરી પાડવાની રહેશે.

(૧૦) સ્થળ મોજણી વખતે માંગણીવાળા સર્વે નંબરમાં કૂવો/બોર/ટ્યુબવેલ્સ હયાત ન હોય તો કૂવો/બોર/ટ્યુબવેલ્સ બનાવવા માટે વધુમાં વધુ ત્રણ (૩)મહિનાની નોટીસ આર.પી.એ.ડી. દ્વારા આપવામાં આવશે અને પેટા વિભાગીય કચેરી દ્વારા નોટીસ

પાઠવેથી મહત્તમ ત્રણ માસના સમયગાળા સુધી અરજી પડતર રખાશે.

(૧૧) અંદાજપત્ર કૃષિ વીજ જોડાણની સામાન્ય યોજનાના પ્રવર્તમાન નિયમ મુજબ આપવાનું રહેશે.

(૧૨) આ યોજના જેટકો કંપની ઉપરાંત કેન્દ્ર સરકારની એનટીપીસી / પાવર ગ્રીડ કંપની દ્વારા જાહેર હીતાર્થે ઉભી કરવામાં આવતી વીજ પ્રવહન લાઈનો માટે પણ લાગુ પડશે.

(૧૩) અરજદાર/ગ્રાહક ૮ (આઠ) એકરથી વધારે ક્ષેત્રફળ હોય તેવા સળંગ એક જ સર્વે નંબરમાં, બીજુ ખેતી વિષયક વીજ જોડાણ મેળવી શકશે. પરંતુ, કોઈપણ યોજના હેઠળ અગાઉ એકજ સર્વે નંબરમાં એક કરતા વધુ ખેતી વિષયક વીજ જોડાણનો લાભ મેળવેલ હોય તેવા કિસ્સાઓમાં નવા વીજ જોડાણનો લાભ આપવામાં આવશે નહીં.

(૧૪) આ પરિપત્રની સુચનાનો અમલ પરિપત્ર જાહેર કર્યાની તારીખથી અમલમા રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ. સી. પટેલ)
સરકારના નાયબ સચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ:

- નામ. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગતસચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (ઉપેવિ) ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, વડોદરા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ, સૂરત
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ, મહેસાણા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન, (જેટકો) વડોદરા
- પસંદગી ફાઇલ